પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૯૮ | ૧૭ જુન, ૨૦૧૮, રવિવાર; નિજ. જેઠ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### રૂપિયો ફરી ૬૮ને પાર

રૂપિયાના અવમૂલ્યનમાં સતત વધારો જ થતો જાય છે અને આજે રૂપિયા ફરીથી ડોલરના પ્રમાણમાં ૬૮ની સપાટી પાર કરી ગયો હતો. એમાં આજે ૪૦ પૈસાનો ઘટાડો જોવા મળ્યો હતો.

### ધૂળના હુમલાથી દિલ્હી બેહાલ

રાજધાની દિલ્હી અને એનસીઆરમાં સતત ચોથે દિવસે પણ હવા ઝેર સમાન બની રહી છે. જોકે આજે હવાની ગુણવત્તામાં થોડો સુધારો નોંધવામાં આવ્યો છે. દિલ્હી હાઈકોર્ટે ફટકાર લગાવ્યા બાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ દિલ્હીએ શહેરમાં મોટા પાયે પાણીનો છંટકાવ કરાવ્યો છે.

### તિહાર જેલના કેદીઓને રેડિયો જોકી બનાવવાની ટ્રેનિંગ અપાશે

તિહાર જેલના કેદીઓ રેડિયો જોકી બનાવવાની ટ્રેનિંગ આપવામાં આવશે. આ માટે તિહારની નવ જેલમાંથી એકમાં પાઈલટ પ્રોજેક્ટ હેઠળ સ્ટુડિયો તૈયાર કરાયો છે.

# ઈદની નમાઝ બાદ આઈએસના ઝંડા ફરક્યા

**કાશ્મીરમાં ઈદની નમાઝ બાદ સુરક્ષાદળો પર પથ્થરમારો, અશ્રુગેસના સેલ છોડાયા : સેનાની કાર્યવાહીમાં એક યુવકનું મોત : શ્રીનગર સહિત અન્ય વિસ્તારોમાં પ્રદર્શન**

**શ્રીનગરમાં તહેવારના દિવસે અશાંત માહોલ : નૌસેરા સેક્ટરમાં યુદ્ધવિરામનો ભંગ કરી પાકિસ્તાનનો ગોળીબાર : વિવિધ વિસ્તારમાં પથ્થરબાજીની ઘટના**






શ્રીનગર,તા. ૧૬

ઈદના દિવસે પણ પાકિસ્તાને પોતાની હરકતો આજે જારી રાખી હતી. અંકુશરેખાની નજીક જમ્મુ-કાશ્મીરના નવસેરા સેકટરમાં પાકિસ્તાને ફરીવાર યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાનના આ ગોળીબારમાં ભારતીય સેનાના જવાન વિકાસ ગુરુંદ શહીદ થયા હતા. બીજી બાજુ પાટનગર શ્રીનગરમાં પણ ઈદના દિવસે અશાંતિનો માહોલ રહ્યો હતો. ઈદની નમાજ બાદ સુરક્ષા દળો ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. દક્ષિણ કાશ્મીરના અનંતનાગમાં પણ નમાજ દ સુરક્ષા દળો ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. પથ્થરબાજોએ આ ગાળા દરમિયાન આઈએસ અને પાકિસ્તાનના ધ્વજ લહેરાવ્યા હતા. તોફાની ટોળાને કાબુમાં લેવા માટે સુરક્ષા દળોને ટીયરગેસના શેલ છોડવાની ફરજ પડી હતી. એમ માનવામાં આવે છે કે બે દિવસ પહેલા જામી મસ્જિદના વિસ્તારમાં આ પ્રકારની ઘટના જોવા મળી હતી. અધિકારીઓ માની રહ્યા છે કે છેલ્લા ચાર સપ્તાહના ગાળામાં પથ્થરબાજોની ઘટનાઓમાં ઘટાડો થયો છે પરંતુ છેલ્લા કેટલાક દિવસોમાં પથ્થરબાજો દ્વારા સુરક્ષા દળો ઉપર હુમલાની ઘટનાઓ વધી છે. નવસેરા સેકટરમાં ભારતીય

● અનુસંધાન પાન-૭ પર

## નૌશેરા સેક્ટરમા પાકે સીઝફાયર ઉલ્લંઘન કર્યુ : એક જવાન શહિદ

રમઝાન ઈદ વખતે પણ પાકિસ્તાન દ્વારા જમ્મુ-કાશ્મીરની સરહદે શસ્ત્રવિરામ ભંગની નાપાક હરકતો યથાવત રહી છે. ઈદની ઉજવણીને કલૂષિત કરવાની મનસાથી પાકિસ્તાને નૌશેરા સેક્ટરમાં ફાયરિંગ કર્યું છે. નૌશેરા ખાતે અંકુશ રેખા પર પાકિસ્તાન દ્વારા કવામાં આવેલા ફાયરિંગમાં એક જવાન શહીદ થયો છે. પાકિસ્તાનની શસ્ત્રવિરામ ભંગની હરકતનો સેના દ્વારા વળતી કાર્યવાહીમાં જવાબ અપાયો છે. આ સિવાય પાકિસ્તાને સવારે ચાર વાગ્યે અરણિયા સેક્ટરમાં પણ યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યુ છે. અરનિયા સેક્ટરમાં પણ બીએસએફ દ્વારા પાક સામે વળતી કાર્યવાહી કરવામાં આવી છે.

## અટારી-વાઘા બૉર્ડર પર ભારતે પાકિસ્તાનની ઈદની મીઠાઈ ન સ્વિકારી

જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાન તરફથી લગાતાર કરવામાં આવતા સીઝ ફાયરના ઉલ્લંઘનને ધ્યાને રાખીને અટારી-વાઘા બોર્ડર પર ઈદના તહેવાર પર મ્જીહ્નના જવાનો અને પાકિસ્તાની રેન્જર્સે એકબીજાને મીઠાઈ વહેંચી ન હતી.

# ભારતે ૩૦ પ્રોડક્ટ ઉપર ઈમ્પોર્ટ ડ્યુટી વધારી

**અમેરિકાએ કેટલીક ચીજવસ્તુઓ પર વધુ ડ્યુટી લાદતા ભારતનો નિર્ણય : વિશ્વ વેપાર સંગઠનને ૩૦ વસ્તુઓની યાદી સુપ્રત કરી : ભારતને ૨૩૮.૦૯ મિલિયન ડોલર મળશે : ખાસ પ્રકારની બાઈક, ફળ અમેરિકાને મોંઘા પડશે**

નવી દિલ્હી, તા.૧૬

અમેરિકાએ હાલમાં લીધેલા કઠોર પગલાનો ભારતે પણ જોરદાર જવાબ આપ્યો છે. જેવા સાથે તેવાનું વર્તન કરને ભારતે ૩૦ પ્રોડક્ટ ઉપર આયાત ડ્યુટીને વધારી દીધી છે. અમેરિકાએ હાલમાં જ કેટલીક ચીજવસ્તુઓ પર કસ્ટમ ડ્યુટીમાં વધારો કરી દીધો હતો. જેના પરિણામ સ્વરૂપે ભારતે પણ ૩૦ પ્રોડક્ટની આયાત ઉપર છૂટછાટને ખતમ કરી દીધી છે. મોટરસાયકલ, આયર્ન અને સ્ટીલની ચીજવસ્તુ, બોરીક એસિડ અને અન્ય ચીજવસ્તુઓ સહિત ૩૦ વસ્તુઓની પ્રોડક્ટ પર આયાત ડ્યુટી વધારી દીધી છે. આ સંબંધમાં ભારત તરફથી વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઝેશનને માહિતી આપી દેવામાં આવી છે. ભારતે ૧૪મી જૂનના દિવસે વિશ્વ વ્યાપાર સંગઠનને પત્ર લખીને કહ્યું હતું કે અમેરિકાથી થનાર આયાત પર ખતમ કરવામાં આવેલી છૂટછાટ તેના તરફથી ભારતમાં પ્રોડક્ટ પર મુકવામાં આવેલી ડ્યુટી મુજબ જ લાગુ રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

Admissions open



When we say our school is a 'Home away from home', it means your child is in safe hands, a natural, protective environment and a place that will foster good manners and etiquette – all of this while learning the best from the best. Your little ones should be here, right here at Little Angels'... No second thoughts, come, visit us today!

Admissions open for
Playgroup, LKg, UKg, Std I to Std VIII

Monday to Friday, 10am to 12 noon

Little Angels' School

Address : 682/2, Govt Quarters, Sector-8, Gandhinagar. Phone: 079-23245153

ફ્લેટ વેચવાનો છે

કોલવડા રોડ, આરાધના સ્કૂલની સામે, પ્રાઈમ લોકેશન, અવધ એપાર્ટમેન્ટ, 2BHK, પ્લોટ નં. ૫૩૫/૨, ફ્લેટ નં.૧, સેક્ટર-૨૩, ગાંધીનગર

કાન્તીભાઈ એચ. મિસ્ત્રી

મો. : ૯૮૧૯૨ ૭૩૪૩૪ ● મો. : ૯૦૦૪૨ ૬૫૪૧૬

અમારા માનવંતા ગ્રાહકોના આગ્રહને માન આપીને

વાટીદાળ ખમણ | બંને વાનગીનું વેચાણ ફરી શરૂ કરેલ છે | સેવ ખમણી

અને સાથે

ખાખરા, નમકીન તથા અથાણા તો ખરા જ...

ચાઈનીઝ ફાસ્ટ ફૂડ પાર્સલમાં ઉપલબ્ધ (ફક્ત સાંજે)

શ્રી ભાગ્યલક્ષ્મી મહિલા ગૃહ ઉદ્યોગ

પ્લોટ નં.૧૪૭, સેક્ટર-૮, ગાંધીનગર 95745 64936

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

THINK BIG. WE DO.

BE • ME • MBA

JOIN GIT

Bachelor of Engineering (B.E.)
- Mechanical Engineering
- Computer Engineering
- Information Technology
- Civil Engineering
- Electrical Engineering
- Electronics & Communication Engineering

Post Graduation Courses (M.E. / MBA)
- Mechanical Engineering
  - Thermal Engineering
  - CAD / CAM
- Computer Engineering
  - Software Engineering
- Master of Business Administration (MBA)
  - Marketing, Finance, Human Resource, IS

Awards & Achievements
- Awarded as best Engineering College for providing best placement to the students by ASSOCHAM
- Awarded by 94.3 MY FM for "Excellence in Faculty (Eng. & Technology)"
- Institute is Three star super resource center for spoken tutorial project of IIT-Bombay funded by MHRD, Govt. of India.
- Awarded by GTU for creating student innovation & Start-up Ecosystem on campus

GANDHINAGAR INSTITUTE OF TECHNOLOGY

Khatraj-Kalol Road, Moti Bhoyan, Ta. Kalol, Dist. Gandhinagar - 382721.

9904405900, 9904405901 director@git.org.in www.git.org.in

ACE



RAJVEE FOOD CORNER
The Taste of Royal Essence

BIRTHDAY PARTY
SMALL GATHERING
OFFICE MEETING

LIVE KITCHEN



Our Knowledgeable staff & personalized catering will add a touch of class to your occession...

Shop No.1, Ground Floor, Pratik Mall, Near City Pulse, Kudasan, Gandhinagar.
Mobile : +91 90998 84444, 95370 19001
Email : rfc@rajvee.in | www.rajvee.in

For Banquet Inquiry : 89801 08444

design: info.imaeink@gmail.com

ગાંધીનગર

LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન કરો

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬



હવે, શહેરની મધ્યમાં...

The Flavours of Gujarati Traditional Snacks, Sweets & Street Food at

bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)

rudraksh Event Management

MANAGED BY RUDRAKSH EVENT MANAGEMENT

Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460